# હાથ ધોવા અનિવાર્ય પરંતુ પાણીનો બગાડ ન થાય તે જરૂરી

## શહેરમાં અંદાજિત પ્રતિદિન ૬૬ એમ એલ ડી પાણીનો વપરાશ : ગરમી શરૂ થઇ ગઇ છે ત્યારે લોકડાઉન વચ્ચે ઘરમાં પાણીનો વપરાશ વધ્યો છે : વારંવાર હાથ ધોવાની સાથે સતત ટપકતા પાણીનો બગાડ અટકાવવા માટે નળની ટેપ બંધ કરવી અનિવાર્ય

ગાંધીનગર તા ૩૧

શહેરમાં એકબાજુ કોરોનાની મહામારીને અનુલક્ષીને લોકડાઉનની સ્થિતિ વચ્ચે નગરજનો ઘરમાં પુરાયેલા છે. ત્યારે કોરોનાના કહેરથી વારંવાર હાથ ધોવા અનિવાર્ય છે. આવા સંજોગોમાં હેન્ડવોશ તેમજ સાબુથી ૨૦થી ૨૫ સેકન્ડ સુધી હાથ ધોવા માટે પણ નાગરિકોને સતત અપીલ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં શહેરમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસો શરૂ થઇ ગયા છે. ત્યારે ગરમીનો પારો પણ ધીમે ધીમે ઉંચો આવતા ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ આમ પણ વધી જાય છે. આવા સંજોગોમાં વારંવાર હાથ ધોવાનુ પણ અનિવાર્ય હોવાથી સ્વાભાવિક રીતે જ પાણીનો વપરાશ પણ વધી જાય છે. આવા સંજોગોમાં હાથ ધોવા સાથે સફાઇ અનિવાર્ય છે. પરંતુ પાણીની જરૂરિયાત વિશેષ હોવાથી તેનો બગાડ પણ ન થાય તે પણ અત્યંત આવશ્યક છે. શહેરમાં ગરમીના દિવસોમાં અંદાજિત પ્રતિદિન ૬૬ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે હાલની સ્થિતિએ પાણીની સમસ્યા નથી. સેકટરોમાં હાલ કોઇ ઠેકાણે પાણીની પોકાર નથી પરંતુ ગરમીના દિવસોમાં શહેરમાં પાણી ન આવતુ હોવાની બુમ અનેકવાર ઉઠવા પામે છે. કોરોનાના લીધે અપાયેલા લોકડાઉનના લીધે આમ પણ નાગરિકો ઘરમાં રહેતા હોવાથી પાણીનો વપરાશ વધી ગયો છે. ત્યારે આગામી દિવસોમાં હજુ કાતિલ ગરમી પડશે ત્યારે પાણીની વધુ જરૂરિયાત પણ ઉભી થશે. આ સ્થિતિમાં પાણીની ઘટ ન પ્રવર્તે તે પણ અનિવાર્ય છે. હાલ હાથ ધોવા માટે પાણીનો વપરાશ વધુ થાય છે. પરંતુ પાણીનો બગાડ પણ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. નાગરિકો કોરાનાના કહેર વચ્ચે પાણીનો બગાડ ન થાય તે માટે બેધ્યાન બન્યા છે. અલબત્ત ૨૦ થી ૨૫ સેકન્ડ સુધી હાથ ધોવાની પ્રકીયા દરમિયાન નળની ટેપ બંધ કરતા નથી. એકબાજુ નળમાંથી પાણી સતત વહેતુ રહે છે. ત્યારે યોગ્ય હાથ સાફ થાય તે જોવાની સાથે પાણીનો બિનજરૂરી બગાડ ન થાય તે માટે પણ નાગરિકોએ સાવધ રહેવાની અનિવાર્યતા છે. તંત્ર દ્વારા હાલ પર્યાપ્ત પાણી સપ્લાય કરવામાં આવે છે. જેથી નાગરિકોને કોઇપણ પ્રકારની હાલાકી વેઠવી ન પડે પરંતુ પાણીનો બિનજરૂરી બગાડ ન થાય તે જોવાની જવાબદારી પણ નાગરિકોની જ છે. નહીંતર કાતિલ ગરમીના આગામી દિવસોમાં પાણીની સમસ્યા પણ જટીલ બની શકે તેમ છે. હાથની સફાઇ સાથે પાણીનો બગાડ ન થાય તે માટે પણ નાગરિકોએ સર્તક રહેવાની અનિવાર્યતા છે.



## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમે આજે વિડીયો કોન્ફરન્સ કરી અને જિલ્લાઓમાં લોકડાઉનના અમલની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મનપાના કમિશનરશ્રી સહિતના અધિકારીઓને આજે વિડીયો કોન્ફરન્સમાં મુખ્યસચિવશ્રીનો ઠપકો મળ્યો હોવાની વાતો બહાર આવવા પામી છે.
- નાણાંકીય વર્ષનો આજે અંતિમ દિવસ હોવાથી સરકારના બધા વિભાગોએ તેમની ગ્રાન્ટ વણવપરાયેલી રહેતાં સરકારને પરત કરી છે.
- નાણાંકીય વર્ષનો આજે અંતિમ દિવસ હોવાથી લગભગ તમામ વિભાગોમાં નાણાંકીય કામગીરી સંભાળતી શાખાઓ કાર્યરત જણાઇ હતી.
- વી.આઇ.પી. સેકટરોમાં દરેક જણ પોતાના ઘરે જ સીધા શાકભાજીવાળા આવે તેવી ફરિયાદો મનપાના તંત્રને કરી છે.


## આટલી ટૂંકી સફર હોતી હશે, ઉંબરો ઓળંગતા જ કબર હોતી હશે..!!!

### સોશિયલ મિડીયા લોકડાઉનમાં સમય પસાર કરવાનું સૌથી વધુ વપરાતુ માધ્યમ બન્યું

ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં લોકડાઉનની સ્થિતિ સુપેરે જળવાઈ રહી છે, અને શહેરીજનો ટીવી કે ઘરગથ્થું રમતો કરતાં પણ વધુ સમય ''સોશિયલ મિડીયા'' પર પસાર કરી રહ્યાં છે. લોકડાઉનમાં સમય પસાર કરવા માટે સૌથી લોકપ્રિય અને હાથવગુ સાધન બનાવી સોશ્યલ મિડીયા મજાક-મસ્તી સાથે કેટલાંક સંવેદનશીલ સંદેશા પ્રસરાવવાનું પણ માધ્યમ બન્યું છે. અત્રે નવા કેટલાંક ચબરાકિયાં સાથે આવા મેસેજીસની એક ઝલક પ્રસ્તુત છે.

- મને તો આ ઘેર ઘેર શૌચાલય બનાવતા હતા ત્યારથી જ ડાઉટ હતો કે... બધાને ઘરે જ રહેવાનું થશે..!!
- રામાયણ સિરિયલ જોતા બાળકે તાડકાં રાક્ષસીને જોઈ માસુમિયતથી પુછ્યું : આ કોણ છે ?
  મમ્મી બોલી - ફઈબા.
  પપ્પા બોલ્યાં - માસી.
  બસ પછી શું, રામાયણ ખતમ અને મહાભારત શરૂ..!!
- ચીનવાલો, તુમ્હારા સત્યાનાશ હો સાલો, ચાર આદમીઓ કે બીચ ઉઠને-બૈઠને લાયક નહી છોડા..!!
- અરે કોઈ પોલીસવાળાને કહો કે લાઠી માર્યા પછી તેની રસીદ પણ આપે, આગળના સર્કલે ફરી લાઠી ખાવી પડે છે.
- બડે દૌર ગુજરે હે જીંદગી કે, યહ દૌર ભી ગુજર જાયેગા, થામ લો અપને પાંવ કો ઘરોં મેં, યે મંજર ભી થમ જાયેગા..!!



- આટલી ટૂંકી સફર હોતી હશે, ઉંબરો જ ઓળંગતા કબર હોતી હશે ?
- સિંહના ઠેકાણા ના હોય વ્હાલાં... આવું કહેવાવાળા રસોડામાં લસણ ફોલે છે.
- પહેલા માણસ કુંડાળામાં પગ ના પડી જાય તેની ફિકર કરતો હતો, આજે માણસ ફિકરમાં કુંડાળામાં જઈને ઉભો રહે છે.
- ઘર ગુલઝાર, સૂને શહર, બસ્તી બસ્તી મેં
  કેદ હર હસ્તી હો ગઈ,
  આજ ફિર જીંદગી મંહગી ઔર દૌલત સસ્તી હો ગઈ..!!
- વાંક હતો ''પાસપોર્ટ''નો,' અને સજા મળી ''રેશનકાર્ડ''ને...
- આ બે પ્રશ્નો તો બ્રહ્માંડમાં ગાયબ જ થઈ ગયા
  ૧. ઘરે ક્યારે આવશો ? ૨. ક્યાં છો ?
- આંખમાં આંસુ આવી ગયા જ્યારે માર્ચમાં ટાર્ગેટ પુરો કરવાની ધમકી આપતા બોસનો લસણ ફોલતો વિડિયો જોયો..!!
- છેલ્લાં ૫ થી ૬ દિવસમાં એક વાત બધાને ધ્યાનમાં આવી ગઈ હશે જ કે... ''અર્જન્ટ'' જેવું કશું જ હોતુ નથી..!!
- રામાયણ જુઓ એ સારી વાત છે પરંતુ એમાં કુંભકર્ણનું કામ કરવાનું છે, બાકી કોઈએ જડીબુટ્ટી લેવા હમણાં જવાનુ નથી, સમજ્યાં ?
- સૌના સથવારે, સૌની વ્હારે આવરે..!!
  રહીશું દેશની હારે, તો કોઈ નહીં હારે..!!
- રહેવા માટે જે ઘર નાનું લાગે છે, તે જ ઘર પોતાં કરતા બહુ મોટું લાગે છે.
- રામાયણ અને મહાભારત તો ચાલુ થઈ જ ગયું, જો ઘરની બહાર નીકળશો તો ગરૂડપુરાણ પણ ચાલુ થઈ જશે..!!

# સવા ૩ કરોડ લોકોને વિના મુલ્યે અનાજનું વિતરણ શરૂ

## ૧૭ હજાર સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ : ચોથી અન્નબ્રહ્મ યોજનામાં અનાજ : અંત્યોદય, પીએચએચ રેશનિંગ કાર્ડ ધરાવતા ૬૬ લાખ પરિવારોને સીધો ફાયદો

ગાંધીનગર,તા.૩૧

કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને રાજ્યમાં આવતીકાલથી સવા ત્રણ કરોડ લોકોને ૧૭૦૦૦ જેટલી સરકારી માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિના મૂલ્યે એપ્રિલ માસનું અનાજ આપવામાં આવનાર છે. આને લઈને તૈયારીઓ કરી લેવામાં આવી છે. કોઈને પણ લોકડાઉનના પગલે ભુખ્યા સુવું ન પડે તે માટે અનાજની વ્યવસ્થાની ખાતરી કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના વાયરસ કોવિડ-૧૯ની પ્રવર્તમાન સ્થિતીમાં જાહેર થયેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને પગલે ગરીબો, અંત્યોદય પરિવારો, નિરાધારોને ભૂખ્યા ન સુવું પડે તે માટે વિનામૂલ્યે અનાજ વિતરણ વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. આ સંદર્ભમાં રાજ્યના અંત્યોદય અને પીએચએચ રેશન કાર્ડ ધરાવતા ૬૬ લાખ પરિવારોના ૩.૨૫ કરોડ લોકોને આવતીકાલ, ૧ એપ્રિલ-૨૦૨૦થી ૧૭૦૦૦ જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ઘઉં, ચોખા, ખાંડ, મીઠું અને દાળનું એપ્રિલ માસ પૂરતું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આ અનાજ વિતરણ વ્યવસ્થામાં પણ સોશિયલ ડિસ્ટન્સનો અભિગમ નાગરિકોની આરોગ્ય સલામતિ હેતુસર જાળવવાની તાકીદ સસ્તા અનાજના દુકાનધારકોને અને તંત્રવાહકોને મુખ્યમંત્રીએ કરી છે. તેમણે કહ્યું કે, આ અનાજ વિતરણ સુચારૂં અને સરળતાથી થઈ શકે તેમજ ભીડભાડ ન થાય તે માટે મુખ્યમંત્રીએ ગ્રામીણ વિસ્તારોમાં ૪ લોકોની અને શહેરી ક્ષેત્રોમાં ૩ લોકોની કમિટી બનાવવા સૂચન કર્યુ છે. તદઅનુસાર, ગ્રામીણ ક્ષેત્રોમાં શિક્ષક, તલાટી અથવા ગ્રામસેવક, ગૃહ રક્ષકદળ કે પોલીસ તેમજ સ્થાનિક અગ્રણીની આ કમિટી બનશે. શહેરી વિસ્તારોમાં શિક્ષક, સેવા સંગઠનના પ્રતિનિધિ અને પોલીસની કમિટી બનાવવામાં આવશે. અશ્વિનીકુમારે જણાવ્યું કે, મુખ્યમંત્રીએ એવા પણ દિશાનિર્દેશો આપેલા છે કે, રાજ્યના દરેક સરકાર માન્ય સસ્તા અનાજ દુકાનદારો પાસે લાભાર્થી ગ્રાહકોના મોબાઈલ નંબરોના ડેટાબેઈઝ ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરી ૨૫-૨૫ લાભાર્થીને ફોનથી જાણ કરી આગોતરો સમય આપીને જ અનાજ લેવા માટે બોલાવવામાં આવે. કોરોના વાયરસ કોવિડ-૧૯નું સંક્રમણ ભીડભાડ અને એકબીજાના સંપર્કથી વધુ પ્રસરે છે તે અટકાવવાના હેતુસર વિજય રૂપાણીએ આ વ્યવસ્થાનું ચુસ્ત પાલન થાય તેની પણ તકેદારી રાખવા સુચનાઓ આપી છે એમ અશ્વિનીકુમારે જણાવ્યું હતું.



મુખ્યમંત્રીએ ગુજરાતમાં રોજીરોટી માટે આવીને વસેલા અન્ય રાજ્યોના શ્રમિકો, ગરીબ-અંત્યોદય પરિવારો-લોકોને પણ લોકડાઉનની પ્રવર્તમાન સ્થિતીમાં અનાજ વગર ન રહેવું પડે તે માટે વધુ એક ઉદાત્ત ભાવ દર્શાવ્યો છે. આગામી તા. ૪ એપ્રિલથી આવા પરિવારોને અન્નબ્રહ્મ યોજના અન્વયે સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ અપાશે. આવા વ્યકિત-પરિવારોની યાદી સંબંધિત જિલ્લાના કલેકટર તંત્રએ તૈયાર કરી છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે, રાજ્યમાં આ લોકડાઉનની સ્થિતીમાં નાગરિકો-પ્રજાજનોને ઘરમાં રહેલા અનાજને દળાવવાની, લોટની સગવડ મળી રહે તે માટે મુખ્યમંત્રીએ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં આવેલી અનાજ દળવાની ઘંટી-ફલોર મિલ્સ ચાલુ રાખવા પણ તંત્રવાહકોને સૂચનાઓ આપી છે.

## પેથાપુરના રીક્ષાચાલક સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

પેથાપુર લોકડાઉન વચ્ચે રીક્ષામાં મુસાફરો ભરીને જઈ રહેલા રીક્ષા ચાલક સામે પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસની ટીમ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે પેથાપુર ચોકડી પાસે જી.જે.૧૮.એ.યુ.-૧૫૧૯ નંબરની રીક્ષાનો ચાલક મુસાફરો ભરીને નીકળ્યો હતો. જેથી પોલીસે હિતેશકુમાર ગોવિંદભાઈ રાવળ (ઉં.વ.૨૩ રહે. જુનો રાવળવાસ પીંડારડા) નામના રીક્ષા ચાલકને યુવકને પકડી પાડ્યો હતો. લોકડાઉન અંગે જાહેર થયેલા નિયમોનું ઉલ્લંઘન કરીને કલેકટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા ભંગ બદલ પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ચૈત્રી નોરતા નવદુર્ગાની ઉપાસનામાં મસ્ત ભાવિકોમાં અનોખી શ્રદ્ધા ભકિત

## કોરાના વાયરસના કહેરથી બચવા માટે લોકડાઉનની સ્થિતિ વચ્ચે નગરના સેકટરોમાં ભાવિકો ઘરમાં બેસીને માતાજીની પુજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે

ગાંધીનગર તા ૩૧

ચૈત્રી નવરાતના પવિત્ર દિવસોમાં હાલ નગરજનો શકિતની ભકિતમાં તલ્લીન બન્યા છે. કોરોના વાયરસના કહેર વચ્ચે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ છે. ત્યારે ગાંધીનગરમાં પણ છેલ્લા એક સપ્તાહથી નાગરિકો ઘરમાં પુરાયેલા છે. લોકડાઉન વચ્ચે નવરાતના પવિત્ર દિવસોમાં ભાવિકો ઘરમાં બેસીને માતાજીની ભકિત આરાધનામાં તલ્લીન બન્યા છે. ચૈત્રી નવરાતમાં માતાજીની ભકિત ઉપાસનાનુ વિશેષ મહત્વ હોય છે. ત્યારે લોકડાઉનની સ્થિતિ વચ્ચે નગરજનો દિવ્ય શકિતના આર્શીવાદ મેળવવા માતાજીની આરાધના કરતા નજરે પડે છે.

ચૈત્રી નવરાત ..માતાજીની ભકિત આરાધનાનુ પવિત્ર પર્વ ..ચૈત્રી નવરાત્રિમાં માતાજીની ઉપાસનાનુ મહત્વ વિશેષ છે. આ દિવસોમાં નવદુર્ગાની પુજા ભક્તિ કરવાથી વિશેષ પુણ્ય સાથે કૃપા આશિષની પ્રાપ્તિ થાય છે. માતાજીની નવરાતના આ પવિત્ર દિવસોમાં ભાવિકો મંત્ર જાપ અને હવન કરી માંઇભકિતમાં તલ્લીન બને છે. હાલ કોરોના વાયરસની મહામારીને અનુલક્ષી સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ છે. ત્યારે ઘરની બહાર નિકળવાની મનાઇ છે.

આવા સંજોગોમાં ભાવિકો માટે માતાજીની પુજા અર્ચના કરવાની ઉત્તમ તક છે. આડા દિવસોમાં નોકરી ધંધામા 'વ્યસ્ત રહેતા ભાવિકોને ચૈત્ર નવરાતના પવિત્ર દિવસોમાં પુજા અર્ચના કરવા માટે પુરતો સમય મળતો નથી. પરંતુ કોરોના વાયરસના કહેર વચ્ચે લોકડાઉન જાહેર થતા હાલ સૌ કોઇ ઘરમાં છે.

આ સ્થિતિમાં શહેરમાં મોટાભાગના ઘરોમાં માતાજીની વિશેષ પુજા અર્ચના થાય છે. ભાવિકો મંત્ર જાપ કરતા નજરે પડે છે. સવારથી જ માતાજીની વિશેષ પુજા થાય છે.બુધાષ્ઠમીનુ પણ વિશેષ મહત્વ છે. ચૈત્રી નવરાતની આઠમના દિવસે પણ માતાજીના હોમ હવન કરવા માટે ભાવિકો ઉત્સુક છે. આ વર્ષે માંઇભકતોને શકિતની ભકિત કરવા માટે ઉત્તમ તક મળી છે. નાગરિકો હાલ મંદિરે પણ જઇ શકતા નથી. જયારે મંદિરો બંધ હોવાથી ઘરમાં જ વિશેષ પુજા અર્ચના સાથે ભજન સાથે ભકિતોનો અનોખો સમન્વય જોવા મળે છે. દિવસ દરમિયાન પુજા બાદ રાત્રિના સમયે પણ માતાજીના મંત્ર જાપનુ પઠન થાય છે.

દિવ્ય શકિતના આર્શીવાદથી કોરોના વાયરસનો કહેર ડામવા માટે પણ ભાવિકો પ્રાર્થના કરી રહ્યા છે. આસોના નોરતાથી પણ વિશેષ ચૈત્રી નવરાતનુ ઉપાસના માટે વિશેષ મહત્વ છે. નવદુર્ગાની ભકિત માટે ચૈત્ર નોરતાના દિવસો ઉત્તમ ગણાય છે પ્રધાનમંત્રી પણ આ દિવસોમાં અનુષ્ઠાન કરી શકિતની ઉપાસના કરે છે.



## ચિલોડા ગામમાં ટ્રેક્ટર દ્વારા દવાનો છંટકાવ કરી સેનેટાઈઝ કરાયું

ચિલોડા, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામે કોરોના વાયરસ સામે તકેદારીના પગલે ગામને જંતુમુક્ત બનાવવા દવાનો છંટકાવ ટ્રેક્ટરથી ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યો. ચિલોડા ગામના મુખ્ય વિસ્તારો જનક્યુરી સોસાયટી, બ્રાહ્મણવાસ, માઢ, વાણિયાવાસ, ઠાકોરવાસ, પીંપળાવાળો વાસને આવરી લેતા મુખ્ય રહીશોના વિસ્તારોમાં દવાનો છંટકાવ કરી સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. આ કામગીરીમાં ગામના સરપંચ વસુમતીબેન પટેલ, અગ્રણી દિનેશભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્ય નટુભાઈ પટેલ, ગ્રામપંચાયત સેવકકર્મીઓ ઉમદા સેવામાં જોડાયા હતા.


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**

મધુર ડેરી, 'ક' રોડ, જીઆઈડીસી, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪

**ચૂંટણીલક્ષી જાહેરાત**

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરના સુધારેલ પેટા કાયદા મુજબ અને નિયામક મંડળની તા. ૨૯/૩/૨૦૨૦ના રોજની મિટીંગમાં થયેલ ઠરાવ નં. ૧૮થી નિયામક મંડળની ૧૨ (બાર) બેઠકો જેમાં જનરલ મંડળીઓનો મતદાર વિભાગ ૧ થી ૮ અને મહિલા અનામત મંડળીઓ માટે વિભાગ ૯ થી ૧૨ તેની ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર કરવા સારુ સંઘ સંયોજિત સર્વ સભાસદ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૨૦માં થનાર ચૂંટણીમાં ઉમેદવારી કરવા, દરખાસ્ત કરવા, ટેકો આપવા કે જરૂર પડે મત આપવા માટે મંડળીના હાલમાં ચાલુ ચેરમેનશ્રીને અધિકાર આપતો ઠરાવ વ્યવસ્થાપક કમિટીમાં કરી ચેરમેનશ્રીનું નામ તથા ચેરમેન તરીકે મંડળીમાં જે જે સમયે થયેલ ઠરાવની નકલ (ચેરમેનશ્રીની સહી તથા તાજેતરનો કલર પાસપોર્ટ સાઈઝનો ફોટો મંડળીના ગોળ સિક્કા સાથે) મોડામાં મોડા તા. ૧૧/૪/૨૦૨૦ને શનિવારના રોજ બપોરના ૨-૦૦ વાગ્યા સુધીમાં સંઘની ઓફિસે નિયત નમૂનામાં મોકલી આપી નિયત અધિકારીની સહીવાળી પહોંચ મેળવી લેવાની રહેશે. જે મંડળીઓના અધિકૃત પ્રતિનિધિનું નામ તા. ૧૧/૪/૨૦૨૦ને શનિવારે બપોરના ૨-૦૦ વાગ્યા સુધીમાં સંઘમાં મળ્યું નહિ હોય તેવા મંડળીઓના અધિકૃત પ્રતિનિધિનું નામ મતદાર યાદીમાં લેવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેશો.

**નોંધ :**

(૧) મંડળી પર મોકલવામાં આવેલ ઓરીજીનલ ઠરાવના નમૂનામાં જ ઠરાવ મોકલવાનો રહેશે. અન્યથા સ્વીકારવામાં આવશે નહિ તથા માન્ય ગણાશે નહિ.

(૨) એકવાર કરવામાં આવેલ અધિકૃત પ્રતિનિધિનો ઠરાવ પછીથી બદલી શકાશે નહિ.

**સહી/-**

**ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. વતી,**

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**




## શહેરમાં સેવા પ્રવૃતિ પુરજોશમાં ચાલી રહી છે..!!

કોરોના વાયરસે ભલે આખા વિશ્વને સકંજામાં લઈને ડરાવી રાખ્યું હોય પરંતુ ભારતમાં તેને જરૂર કંઈક અલગ જ મિજાજનો પરચો મળ્યો હશે. જ્યારથી વડાપ્રધાને કોરોના સામે એકજુટ થઈને લડત આપવાની હાકલ કરતા જનતા કરફ્યુ અને લોકડાઉન જેવા પગલાં લેવાનું શરૂ કર્યુ છે ત્યારથી હિન્દુસ્તાનની જનતા એકબીજાના ભેદભાવ કે મતભેદ ભુલીને ખભેખભા મિલાવી કોરોનાને ટક્કર આપી રહી છે. લોકડાઉનની સ્થિતિમાં માત્ર ગાંધીનગર જ નહી સમગ્ર દેશમાં સેવાની જે સરવાણી વહી છે તેની ખુદ વડાપ્રધાને પણ પ્રસંશા કરી છે, અને આ જ તો આ દેશની સાચી તાસીર છે કે કટોકટી સમયે સૌ એકબીજા સાથે મળીને તેનો સામનો કરે છે અને એટલે જ કોઈપણ આપત્તિમાંથી હેમખેમ બહાર આવી જ જાય છે.